



# અનુપમની હે અમૃતધારા...!

~ સદ્‌ગુરુ સંત પરમ પૂજ્ય અશ્વિનદાદા

'શ્રીમદ્ ભગવદ્ ગીતા' પારાયણ, અનુપમ મિશન, ઉપાસનાધામ, અમદાવાદ, ૨૮ જાન્યુઆરી, ૨૦૧૮

(માર્ચ માસના અંકથી ચાલુ...)

***'તેથી તું ઊભો થા અને યશ પામ. શત્રુઓને જીતીને ધનધાન્યથી સંપન્ન રાજ્યને ભોગવ. હે સવ્યસાચિન્ ! આ બધાં મારાથી પહેલેથી જ મરાયેલા છે, તું કેવળ નિમિત્ત માત્ર થા.'***

**દ્રોણ, ભીષ્મ, જયદ્રથ, કર્ણ તથા અન્ય બધા જ મારા દ્વારા મરાયેલા શૂરવીરોને તું માર. તું દુઃખી ન થા, પણ યુદ્ધ કર. આ યુદ્ધમાં તું શંકા વગર શત્રુઓને જીતીશ.**

અહીંયાં ભગવાને બધાનાં નામનો ઉલ્લેખ કર્યો છે. અત્યાર સુધી આ બધાં નામ બોલાયાં નહોતાં. અર્જુન દ્વારા ભગવાન શ્રીકૃષ્ણનાં નામ બોલાતાં હતાં અને ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા અર્જુનનાં નામ બોલાતાં હતાં. પણ જેને જોઈને અને જેની સાથેના સગપણને કારણે અર્જુનનાં ગાત્રો ગળી ગયાં હતાં અને એમને મારવાથી પાપ લાગશે એવું જેણે ગણિત ગણ્યું હતું એવાને ભગવાને નામ સહિત ઉચ્ચારીને સામા પક્ષે ઊભેલા યોદ્ધાઓને મારવામાં કોઈ પાપ નથી અને એ મરી ચૂકેલા છે, તું નિમિત્ત બનીને એમને ખાલી મારવાનું નાટક કરી રહ્યો છું, એમ કહ્યું.

એક સુંદર કીર્તન છે, 'હેત, માયા, દયા, પ્રીતિ એ લઈ જાય ના દૂર...' કારણ કે, 'આ તો મારા દાદા', 'આ તો મારા ગુરુ', 'આ તો મારા ભાયાતો' અને એમને મારે મારવાના ? એમ જે અર્જુનને થયું હતું એ બધાનાં નામ ભગવાન બોલ્યા. અને કહ્યું કે, એ બધાય મારા વતે મરાયેલા છે. એ બધા શૂરવીરો છે, પરંતુ તું ખાતરી રાખજે કે, એ બધા મરેલા છે અને એમને નિમિત્ત બનીને તારે મારવાના છે. માટે તું આ યુદ્ધમાં જરૂર જીતીશ, એટલે હારવાની બીક પણ ના રાખીશ.

એમ, આ સંસારમાં આપણે પણ એક નાટક ભજવવા માટે તખ્તા ઉપર આવ્યા છીએ. આપણા હિસ્સે જે કાંઈ પણ આવે છે તે આપણે નિમિત્ત બનીને કરવાનું છે. કારણ કે, કર્તા-હર્તા તો એ જ છે અને એમનું જ ધાર્યું થવાનું છે. 'સર્વનું પોષણ અને પાલન કરનારો પણ હું છું' એમ બહુ અભિમાનપૂર્વક ભગવાને કહ્યું છે, તો એમની એ સત્તાનો સ્વીકાર કરીએ. અને એ સત્તાનો સ્વીકાર થતાં અર્જુન હવે જરા ગરીબ થયો અને એમ કહે છે,

**આપનો આ મહિમા ન જાણવાને કારણે, મારાથી બેદરકારીમાં કે હેતથી સખા માનીને ઉદ્ધતાઈથી, હે કૃષ્ણ ! હે યાદવ ! હે સખા ! એમ જે કંઈ હું બોલ્યો હોઉં એ હે અચ્યુત ! વિનોદ માટે, સૂતાં, બેસતાં, ખાતાં એકલા અથવા જે જે મિત્રોની સામે મેં જે કંઈ પણ આપનું અપમાન કર્યું હોય, તે અપરાધ વિષે હે અમાપ ! મને ક્ષમા કરજો.**

આપણે સાહેબદાદાના ખભે હાથ મૂકીને વાત કરીએ છીએ. જાણે કે ભાઈબંધ-દોસ્તાર હોય એમ એમની સાથે હા... હા... હી... હી... કરીએ છીએ. જેમને એ બાબત સાથે કશી નિસબત નથી એવી વાતો એમની આગળ આવીને કરીએ છીએ. કેમ કરીએ છીએ આપણે એવો અવિવેક ? કારણ કે, આપણને મહિમા નથી કે, આ પુરુષ કોણ છે ? એણે કઈ સત્તા, કઈ સામર્થીને ધારણ કરી છે !

એટલે અહીં અર્જુને કહ્યું, મિત્રભાવે, સખાભાવે, સ્નેહીભાવે આપનો આ મહિમા ન જાણવાને કારણે, બેદરકારીમાં, મારા અજ્ઞાનને કારણે, ઉદ્ધતાઈથી હું જે કાંઈ પણ બોલ્યો કે મેં જે કાંઈ પણ આપનું અપમાન કર્યું છે એ અપરાધ માટે હે અમાપ ! - જેને માપી શકાય એમ છે જ નહીં, જેના મહિમાનો પાર આવે એમ છે જ નહીં, જે વિશ્વસ્વરૂપનું તમે મને દર્શન કરાવ્યું, એવા મોટા તમે મને ક્ષમા કરજો. હવે દાસત્વભાવ આવ્યો, રાંકભાવ આવ્યો. અક્ષરના ભાવની સાથે 'હું પુરુષોત્તમનો દાસ છું' એ ભાવ આવ્યો. અને અણસમજણમાં, અજ્ઞાનમાં અત્યાર સુધી પોતાની રીતે જે વર્તી ગયા તે બદલ ક્ષમા માંગી.

**હે અનુપમ પ્રભાવવાળા ! આપ આ ચર-અચર જગતના પિતા છો. આપ જ પૂજનીય છો. આપ જ ગુરુઓના મહાન ગુરુ છો. ત્રણ લોકોમાં આપના સમાન બીજો કોઈ પણ નથી, તો વધુ આપનાથી ચડિયાતો તો ક્યાંથી જ હોય ?**

શાસ્ત્રોએ પણ જેનો મહિમા 'નેતિ' 'નેતિ' કહ્યો છે, એવા પ્રભુની આગળ દાસ અને રાંક થઈને અર્જુન ઊભા રહે છે ત્યારે શ્રી ભગવાન ઉવાચ :

**હે અર્જુન ! તારી ઉપર પ્રસન્ન થઈને મેં મારી યોગશક્તિથી તને, મારું તેજસ્વી, વિરાટ, અનંત, પરમ આદિ રૂપ દેખાડ્યું, તારા સિવાય પૂર્વે બીજાં કોઈએ એ રૂપ જોયું નથી.**

અર્જુન ભાગ્યશાળી છે કે, ભગવાન શ્રી કૃષ્ણના આવા રૂપનું દર્શન થયું. એટલે અક્ષર સિવાય પુરુષોત્તમના મહિમાને કોઈ જાણી શકતું નથી એમ આપણે કહીએ છીએ. પુરુષોત્તમનું દર્શન, પુરુષોત્તમનો મહિમા એ એકમાત્ર અક્ષરને છે, અને એ જો આપણે જાણવો ને સમજવો હોય તો આપણે અક્ષર સાથે

જોડાઈને અક્ષરરૂપ બનવાનું છે. એવા જે અક્ષરબ્રહ્મને પુરુષોત્તમનું દર્શન છે અને પુરુષોત્તમની કૃપાથી અક્ષરપુરુષોત્તમરૂપ થયા છે; છતાંય પણ દાસ છે, સેવક છે, એનું દીધેલું ખાય છે એવા ભાવથી એ મનુષ્યશરીરમાં રહીને પુરુષોત્તમનું કાર્ય કરી રહ્યા છે. ભગવાન પોતાનું કાર્ય કરવા માટે, પોતાનું સ્વરૂપ અને મહિમા ઓળખાવવા માટે અનાદિ અક્ષરબ્રહ્મને પોતાની સાથે લઈને આવ્યા છે, એ આપણા પર સૌથી મોટી ભગવાનની કૃપા છે !

સ્વામિનારાયણ ભગવાને પણ અમદાવાદના પ્રથમ મંદિર કાળુપુરમાં નર અને નારાયણની મૂર્તિઓ પધરાવીને નરનારાયણની ગાદી સ્થાપીને આચાર્યની સ્થાપના કરી. એવું સદ્ભાગી આપણું અમદાવાદ છે !

**વાસુદેવે આમ કહીને અર્જુનને પોતાનું ચતુર્ભુજ રૂપ ફરીથી દેખાડ્યું, અને ફરીથી સૌમ્ય સ્વરૂપ ધારણ કરીને મહાત્મા-કૃષ્ણે ગભરાયેલા અર્જુનને આશ્વાસન આપ્યું.**

ભગવાને અર્જુનને બે વખત દર્શન આપ્યાં છે. એક વખત જે દર્શન આપ્યું તે બિહામણું દર્શન હતું. અને બીજી વખત જે દર્શન આપ્યું છે તે સૌમ્ય રૂપનું દર્શન આપ્યું છે-ચતુર્ભુજ સ્વરૂપે. શંખ, ચક્ર, પદ્મ અને ગદાને ધારણ કરેલું ભગવાનનું ચતુર્ભુજ સ્વરૂપ, એ સ્વરૂપે ભગવાન આપણને દર્શન આપે એવી આપણી પણ પ્રાર્થના છે !

પહેલું દર્શન વિકરાળ હતું અને એ દર્શન અર્જુન સહી ના શક્યો. એટલે ભગવાનને એણે કહ્યું કે, 'આપનાં દર્શનને હું પામી શકું એવા મારા જેવા તમે થાવ.' અને ત્યારે 'મહાત્મા કૃષ્ણ' – મનુષ્ય શરીરમાં રહેલા મહાન આત્મા એવા ભગવાન શ્રી કૃષ્ણે અર્જુનને આશ્વાસન આપ્યું કે, 'હું તારા જેવો જ મનુષ્ય શરીર ધારીને તારી વચ્ચે આવું છું.'

અર્જુનની પ્રાર્થનાથી ભગવાન ફરીથી સૌમ્યસ્વરૂપે દર્શન આપે છે. સંજય દૃષ્ટિહીન ધૃતરાષ્ટ્રને અર્જુને ભગવાન શ્રીકૃષ્ણના કરેલાં દિવ્ય દર્શનનું વર્ણન કરે છે કે, વાસુદેવે અર્જુનને પોતાનું ચતુર્ભુજ રૂપ ફરીથી દેખાડ્યું.

ચતુર્ભુજ એટલે ચાર ભુજાઓ-ચાર હાથવાળા. આપણે ઘણાં મંદિરોમાં ભગવાનના ચતુર્ભુજ સ્વરૂપનાં દર્શન કર્યાં છે, એમાં શંખ, ચક્ર, પદ્મ અને ગદા પ્રતીક સ્વરૂપે એમણે ધારણ કરી છે. ચારેયનો વિશિષ્ટ આધ્યાત્મિક અર્થ છે. પણ આપણે સંસારમાં જળકમળવત્ જીવવાની જે વાત કરી રહ્યા છીએ તે ભગવાન ચાર હાથ પૈકીના એક હાથમાં પદ્મ-કમળનું પુષ્પ ધારણ કરીને સતત જળકમળવત્ રહીને, નિમિત્ત બનીને ભક્તિને માટે કર્મયોગ કરવાનો સંદેશો સતત આપતા રહ્યા છે. એવું ચતુર્ભુજ રૂપ ફરીથી દેખાડ્યું.

બીજી વખત ભગવાન દર્શન આપે છે, એક રૌદ્ર દર્શન છે, બીજું સૌમ્ય દર્શન છે. સૌમ્ય સ્વરૂપ ધારણ કરીને મહાત્મા કૃષ્ણે ગભરાયેલા અર્જુનને આશ્વાસન આપ્યું. કારણ કે, તે વિચલિત થયો હતો અને યુદ્ધ નહીં કરવાનો નિર્ણય કરીને, પોતાની માનસિક ભૂમિકાના ધર્મોને માનીને, ધર્મ-અધર્મની સમજણથી નહીં લડવા માટે તેને વિષાદ થયો હતો. એવા અર્જુનને પ્રભુ હજુ ફરીથી યુદ્ધ કરવા માટે આવું બીજું દર્શન આપીને તૈયાર કરી રહ્યા છે.

એ દર્શનથી ધન્ય થયેલા અર્જુન એમ કહે છે કે, **'હે જનાર્દન ! આપના આ અતિ શાંત મનુષ્ય રૂપને જોઈને, હવે હું સ્વસ્થ થઈ સચેત થયો છું.'**

મનુષ્ય રૂપે અક્ષરની વાત જે આપણે આગળ કહી ચૂક્યા છીએ, કરી રહ્યા છીએ તે કે, ભગવાન પોતાનું સ્વરૂપ ઓળખાવવા માટે અનાદિ અક્ષરબ્રહ્મને પોતાની સાથે લઈને આવીને એમણે સામેથી જ્ઞાની-અજ્ઞાની, ગરીબ-તવંગર જીવ-પ્રાણી માત્રને 'મારા સ્વરૂપનું દર્શન હો' એવો રૂડો સંકલ્પ કર્યો. અહીંયાં ભગવાને એ સંકલ્પ કરીને અર્જુનને પોતાના સ્વરૂપનું દર્શન કરાવ્યું. એ જોઈને અર્જુન ધન્ય થાય છે. અને કહે છે કે, આપનું અતિ શાંત મનુષ્ય રૂપ જોઈને હવે હું સ્વસ્થ થયો છું. 'સ્વસ્થ'-પોતાનામાં આશ્વસ્ત થયો તે સ્વસ્થ. અર્જુન ખસી ગયો હતો, એટલે કે ચ્યુત થઈ ગયો હતો. હવે સ્વસ્થ થયો.

કોઈ માણસ કંઈક ઉગ્રતાથી કશું કહેવા કે બોલવા આવે તો આપણે સામે ઉગ્રતા લેવી નહીં, આપણે સ્વસ્થ રહેવું. પોતાના બ્રહ્મસ્વરૂપપણાનો આનંદ કદી પણ મોળો પડવા દેવો નહીં – એવાં યોગીબાપાનાં વાક્યોને પકડી રાખવા કે, 'હું બ્રહ્મરૂપ છું, હું બ્રહ્મરૂપ છું, હું બ્રહ્મરૂપ છું. હું અક્ષરરૂપ છું, હું અક્ષરરૂપ છું.' એટલે આપણે સ્વસ્થ રહેવું. સ્વસ્થ એટલે પોતાનામાં સ્થિત થયેલો. પોતાના આત્મામાં સ્થિત થયેલો ને પરમાત્મા સાથે સદાય યુક્ત થયેલો યોગી એ છે સ્વસ્થ ! અહીં 'સ્વસ્થ' એટલે તંદુરસ્ત નહીં, નિરોગી નહીં. પણ મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર સઘળુંય જેનું નિરામય થઈ ગયું હોય એને સ્વસ્થ કહેવાય.

અર્જુને બહુ સુંદર શબ્દપ્રયોગ કર્યો છે કે, 'હવે હું સ્વસ્થ થઈ સચેત થયો છું.' સ્વસ્થ થઈ અને પછી સચેત થયો. ચેતના એની જાગ્રત થઈ. અને એ ચેતના જે જાગ્રત થઈ છે એ જાગ્રત થયેલી ચેતનાને કામે લગાડવા માટે ભગવાન એને અભય વરદાન આપે છે.

**'હે પાંડવ ! જે મારા માટે જ કર્મ કરનારો છે. મારે જ પરાયણ છે. મારો જ ભક્ત છે, તથા આસક્તિ રહિત છે અને બધાં ભૂતપ્રાણીઓ પ્રત્યે દ્વેષ રહિત છે, તે જ ભક્ત મને પામે છે.'**

ભગવાન વારેવારે આ જ વાક્યોને દોહરાવે છે. હે પાંડવ ! – પાંડવપુત્ર અર્જુનને નિમિત્ત બનાવીને ભગવાને કહ્યું કે, જે મારા માટે જ કર્મ કરે છે. કર્મ કરે છે, પણ મારી પ્રસન્નતાને અર્થે, મારી આજ્ઞા પ્રમાણે, મને કર્તા માનીને પોતે નિમિત્ત બનીને જે કર્મ કરનારો છે અને જે મારે જ પરાયણ છે. 'મારે પરાયણ' એટલે જે મારામાં જ પરોવાયેલો છે, જેને મારા સિવાય બીજું કોઈ જગત જ નથી, હું જ એનું સર્વસ્વ છું – એવો જે મારો ભક્ત છે, તથા આસક્તિ રહિત છે, તથા બધાં ભૂત પ્રાણીઓ પ્રત્યે દ્વેષ રહિત છે.

કોઈને મારવો હોય તો દ્વેષ રાખવો પડે અને દ્વેષ હોય તો મારી શકાય. પણ જ્યારે પ્રભુનું યંત્ર બનીને, પ્રભુનું શસ્ત્ર બનીને, નિમિત્ત બનીને અને પ્રભુની ભક્તિને માટે આ કર્મ હું કરી રહ્યો છું એમ માનીને મારવાનું ને યુદ્ધ કરવાનું કામ થાય છે ત્યારે દ્વેષબુદ્ધિ પણ ચાલી જાય છે; તો એ અડતું નથી અને એનો પાસ લાગતો નથી.

'કર્મયોગ'ના પ્રકરણમાં જોયું કે, આપણે કર્તાપણાના ભાવથી અલિપ્ત થઈને, ભગવાનના નિમિત્ત બનીને કર્મ તો કરતા જ રહેવાનું છે. કોઈ પણ વ્યક્તિ એક પણ ક્ષણ કર્મ કર્યા વગર રહી શકતી નથી, એમ ભગવાને સમજાવ્યું. એમ, સતત મનથી અને શરીરથી કર્મ કરનારા આપણે સૌએ ભગવાનમાં પરોવાયેલા રહીને, આસક્તિ રહિતની ભગવાનની ભક્તિ કરીને, બધાં જ ભૂતપ્રાણીઓ પ્રત્યે દ્વેષરહિત – જેને આપણે આપણી અત્યારની ભાષામાં કહીશું 'સુહૃદ' બનીને જે કર્મ કરે છે તે ભક્ત મને જ પામે છે.

અહીં 'વિશ્વરૂપ દર્શન યોગ' નામનો અગિયારમો અધ્યાય પૂરો થાય છે. પહેલાં ઉલ્લેખ કર્યો હતો એમ છઠ્ઠા, બારમા ને અઢારમા અધ્યાય મહત્ત્વના છે. એમાંના બારમા અધ્યાય 'ભક્તિયોગ' ઉપર આપણે આવ્યા છીએ. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે પણ આ ભક્તિયોગની વાતને પોતાના જીવનમાં ચરિતાર્થ કરીને 'ભક્તિયોગ'ને બિરદાવ્યો છે. ભક્તિ કેવા ભાવથી કરવી તે આગળ ભગવાન શ્રીકૃષ્ણે સમજાવ્યું છે કે, 'મારા જ માટે કર્મ કરનારો અને મને જ પરાયણ થઈને જીવનારો, નિમિત્ત બનીને કર્મ કરનારો અંતે મને જ પામે છે.' આપણું લક્ષ્ય તો એ જ છે. આપણે તો એમને જ પામવા છે એટલે કે એમને જ રાજી કરવા છે. એમની પ્રસન્નતા અને કૃપાના આપણે સુપાત્ર બનવું છે અને એના માટેનો આ 'ભક્તિયોગ' છે.

અર્જુન બધું શીખ્યો - ધ્યાન કરતાં શીખ્યો, કર્મ કરતાં શીખ્યો, જ્ઞાન કરતાં શીખ્યો, ભગવાનનાં દિવ્ય દર્શનને પણ પામ્યો અને હવે એ ભગવાન પાસેથી ભક્તિમાર્ગની સરળતા સમજવા-શીખવા માટે ફરીથી પ્રશ્ન પૂછે છે. પહેલી વખત ભગવાનનું બાળપણ અને ગોપ-ગોવાળિયાઓની સાથે ભગવાને જે મનુષ્ય શરીરમાં રહીને લીલા કરી એ ગોપીઓને આ પ્રકરણમાં યાદ કરે છે અને અર્જુન પૂછે છે :

**આમ જે ગોપી જેવા ભક્તો આપનામાં જ નિરંતર જોડાયેલા છે, અને આપની જ ઉપાસના કરે છે, અને વળી જે અવિનાશી, નિરાકારની જ ઉપાસના કરે છે, તે બે પ્રકારના ભક્તોમાં ઉત્તમ યોગી કોણ છે ?**

અર્જુન વારેવારે પહેલો નંબર કોનો ? શ્રેષ્ઠ ભક્ત કોણ કહેવાય ? શ્રેષ્ઠ યોગી કોણ કહેવાય ? ઉત્તમ યોગી કોણ કહેવાય ? એ પ્રશ્ન પૂછ્યા કરે છે. કારણ કે, એને પણ પહેલો નંબર લેવો છે. એને આપણે થોડાક જુદાક શબ્દોમાં કહીએ તો, ભગવાનને વહાલો એવો ભક્ત કોણ છે ? અને ભગવાનના વહાલા ભક્ત બનવા માટે 'ભક્તિયોગ'માં જે લક્ષણો વર્ણવ્યાં છે તેનો આપણે પાઠ કરીએ છીએ.

ભગવાન કહે છે : **હંમેશાં મારું ધ્યાન ધરતાં ધરતાં, મારામાં જ મન પરોવીને જે ભક્ત પરમ શ્રદ્ધાથી મારી ઉપાસના કરે છે, તે મારા મત પ્રમાણે ઉત્તમ યોગી છે.**

બધાં આસન જેને કરતાં આવડે એને ઉત્તમ યોગી કહેવાય. પણ ભગવાને યોગીની વ્યાખ્યા કરી કે, 'જે હંમેશાં મારું ધ્યાન ધરે છે, મારામાં જ મન પરોવીને રાખે છે.'

ગઢડા પ્રથમના પહેલા 'વચનામૃત'માં સ્વામિનારાયણ ભગવાને કહ્યું કે, 'મનની વૃત્તિને ભગવાન સાથે અખંડ જોડી રાખવી. અને એવું જેને થયું હોય એને બીજું કાંઈ પ્રાપ્ત કરવાનું રહેતું નથી.' ત્યાંથી શરૂ કરીને સ્વામિનારાયણ ભગવાને ભગવાનમાં એવું અખંડ મન પરોવાયેલું રહે એના માટેના જુદા જુદા ઉપાયો પણ બતાવ્યા છે. જે અહીંયાં ભગવાન શ્રી કૃષ્ણે પણ અર્જુનને જુદાં જુદાં અંગ પ્રમાણે એની શંકાઓનું સમાધાન આપ્યું છે.

'ધ્યાનયોગ' આપણે વાંચી ગયા. આંખો બંધ કરીને અંદર કશુંક જોવાનો પ્રયત્ન કરવો એને ધ્યાન કીધું નથી. ધ્યાન એટલે સભાન. અને જ્યારે આપણે ધ્યાન ચૂકીએ છીએ ત્યારે ઍક્સિડન્ટ થઈ જાય છે. વૉટ્સઅપ જોતાં જોતાં જાહેર માર્ગ ઉપર ચાલીએ પછી સામેથી આવી કોઈ સ્કૂટરવાળો આપણને ઠોકી દે તો એ બેધ્યાન પણે થતી આપણી ક્રિયા છે. તે સમજી શકાય તેવી વાત છે. રસોડામાં રસોઈ કરતી ગૃહિણી પણ જો ધ્યાન ચૂકી તો બેધ્યાનપણે ગરમ તપેલી પકડી લે છે અને દાઝી જાય છે. આ ધ્યાનને ત્યાંથી સમજવાનું છે. અને એ ધ્યાન જેનું રહ્યું, એ પ્રભુની મૂર્તિમાં ધ્યાન લગાડી શકે છે.

ભગવાન પછી યોગીનાં લક્ષણોનું વર્ણન કરે છે. **તેઓ બધી જ ઇન્દ્રિયોને સંયમમાં રાખી, સર્વમાં સમબુદ્ધિવાળા અને બધાં જ ભૂતોના હિતમાં રત રહેલા હોવાથી મને જ પામે છે.**

ગુણાતીત સંતની સ્થિતિનું અને સ્થિતપ્રજ્ઞતાનાં લક્ષણોનું વર્ણન સાથે સાથે ભગવાન અહીંયાં સમજાવતા જાય છે કે, એવા મનુષ્ય શરીરમાં વિચરતા ભગવદ્સ્વરૂપ સંતને કેવી રીતે ઓળખી શકશો ? તો એની બધી જ ઇન્દ્રિયો સંયમમાં છે, સર્વમાં સમબુદ્ધિ છે. અને બધાં જ ભૂતોના હિતમાં તેઓ રત રહેલા હોવાથી એ મને જ પામે છે. બધું જ કરતા હોવા છતાં પણ તે અકર્તા છે.

અર્જુનને પણ આ ઉપાય શિખવાડે છે કે, **મારામાં જ મનને સ્થિર કર, મારામાંજ બુદ્ધિને પરોવ, આમ શંકા વગર પછીથી તું મારા ધામમાં જ આવશે.**

આગળ પણ આવો શબ્દપ્રયોગ આવી ગયો કે, 'હવે પછીથી જે આ પ્રમાણે મને ભજશે તે મને જ પામશે.' અર્જુનને પણ આગળ કરેલી શંકા હવે મટી ગઈ છે. તો શંકા વગરના તું પણ હવે પછીથી મારા ધામમાં જ આવશે, મને જ પામશે, મારા રૂપ થઈ જશે; પણ મારામાં મનને સ્થિર કર અને બુદ્ધિને પણ મારામાં જ પરોવ; એમ ભગવાન કહે છે.

**જે બધાં ભૂતપ્રાણીઓને વિષે દ્વેષભાવ રહિત, બધાંનો મિત્ર, દયાળુ, મમતા અને અહંકાર રહિત છે, સુખ અને દુઃખની પ્રાપ્તિમાં સમાન છે, ક્ષમાશીલ છે, હંમેશાં સંતોષી છે, યોગી છે, શરીરને વશમાં રાખે છે, દૃઢ નિશ્ચયવાળો છે, અને મને મનબુદ્ધિ અર્પણ કરનારો મારો ગોપીભક્ત, તે મને પ્રિય છે.**

જ્યારે ભક્તિની વાત આવે છે, ભક્તિયોગની વાત આવે છે, ત્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ 'વચનામૃત'માં ગોપીઓને સંભારી છે. અહીંયાં અર્જુનને ભક્તિયોગનું શિક્ષણ આપવા માટે ભગવાન ગોપીઓને, પોતાની બાળ સખીઓને સંભારે છે. જ્યારે અર્જુન અને કૃષ્ણનો સંવાદ કુરુક્ષેત્રમાં યુદ્ધની ભૂમિ પર થાય છે ત્યારે જે ગોપીઓ ગોકુળ-વૃંદાવનમાં છે એની સ્મૃતિ ભગવાન કરાવે છે. 'તું મારામાં તો હું પણ તારામાં'. ગોપીઓ પ્રભુમાં હતી, તો પ્રભુ પણ ગોપીઓનું સ્મરણ કરાવે છે. આગળ જે ભગવાન કહી ગયા કે, તું મારામાં મન પરોવ તો હું પણ તારામાં છું. મારા રૂપને પામી જઉં છું.

ગુણાતીતસ્થિતિની વાત ગઢડા પ્રથમના ૨૭મા વચનામૃતમાં સ્વામિનારાયણ ભગવાને કહી છે. ગોપીઓની વાત કરતાં કરતાં એ વાતને પણ સંભારીએ, કે ભગવાન અખંડ નિવાસ કરીને કોનામાં રહે છે ? તો જે ભગવાનને કર્તા-હર્તા માને છે. સદા દિવ્ય સાકાર પ્રગટ અને પ્રત્યક્ષ માને છે. અને પૂર્વે થઈ ગયેલાં ઐશ્વર્ય, અત્યારે થઈ રહેલાં અને હવે પછી જે ઐશ્વર્યો થવાનાં છે તે મને મળ્યા એ પ્રભુ દ્વારા થાય છે-થવાનાં છે એવું જે માને છે અને જેને સુખમાં-દુઃખમાં, માન-અપમાનમાં, વૃદ્ધ કે યૌવન સ્ત્રીમાં સમભાવ વર્તે છે; એવા સાધુને વિશે ભગવાન સદાકાળ બિરાજમાન છે.

આ વચનો 'ગીતા'નાં વચનોના આધારે ભગવાન સ્વામિનારાયણે ગઢડા પ્રથમ-૨૭ના વચનામૃતમાં કહ્યાં. અને પોતાનું મિષ લઈને એમ કહ્યું કે, કોઈ મને હાથી ઉપર બેસાડે કે કોઈ મારાં નાક-કાન કાપીને ગધેડા ઉપર બેસાડે તો પણ મને સમ વર્તે છે; એવું જે સાધુ માને છે, એવું જે ભક્ત માને છે, પ્રભુને જે કર્તા-હર્તા માને છે તેનામાં ભગવાન સદાકાળ નિવાસ કરીને રહે છે. મનુષ્ય શરીરનું ધોકડું ભગવાનની પરમ શક્તિને ધારણ કરીને કલ્યાણને અર્થે વિચરતું રહે છે.

ગોપીઓની વાત કરીએ તો, ભગવાન સ્વામિનારાયણે 'વચનામૃત'માં જેને સંભારી, ભગવાન શ્રીકૃષ્ણને જ્યારે અક્રુરજી વૃંદાવનથી મથુરામાં લેવા માટે આવે છે ત્યારે ભગવાનનો રથ હાંકીને જનારા અક્રુરને રોકી રાખવા, અમારા ભગવાન અમારી સાથે જ, અમારી વચ્ચે જ રહે એ ભાવથી ભગવાનને રોકી રાખવાની ઈચ્છાવાળી ગોપીઓ બધી મળીને નક્કી કરે છે. ગોપી એટલે ભક્ત-પ્રેમી ભક્ત. ઉદ્ધવજી જ્ઞાની ભક્ત છે અને અક્રુરજી દાસત્વ- સેવક ભક્ત છે.

ગોપીઓ નક્કી કરે છે કે, ભગવાનને આપણે કોઈ પણ હિસાબે રોકી રાખવા છે. એક બહુ ઉતાવળી અને ઉગ્ર સ્વભાવની ગોપી હતી, એણે એમ કહ્યું કે, આપણે બધા ભેગા થઈને ભગવાનનો રથ જે માર્ગે જવાનો છે ત્યાં સૂઈ જ જઈએ. ગોપીઓએ નક્કી કર્યું કે, ભગવાનને રોકી રાખવા. અમારા પ્રભુ અમારાથી દૂર જવા ના જોઈએ. રથ આવ્યો. અક્રુરજી રથ હાંકે છે. એમને ગુસ્સો નથી આવતો કે, આ બધાં રસ્તા વચ્ચે ઊભાં રહ્યાં છે અને રથ જવાનો રસ્તો રોકી રહ્યાં છે. ભગવાન રથ પર બિરાજમાન છે, મંદ મંદ હસે છે અને ત્યારે પેલી આંખના ઈશારાની વાત થઈ. ગોપીઓ ભગવાનની આંખમાં જુએ છે. પ્રેમી ભક્તનું લક્ષણ છે કે, મારો પ્રભુ શેમાં રાજી છે? એની શી ઈચ્છા છે? એ પ્રમાણે વર્તવું. પોતાની જાતને એ પ્રમાણે વર્તાવવી એનું નામ છે 'કરિષ્યે વચનમ્ તવ'. ભગવાન કાંઈ બોલ્યા નહીં. અક્રુરજી પણ કાંઈ બોલ્યા નહીં. ખાલી ગોપીઓની અને ભગવાનની આંખ મળી અને ભગવાનની આંખમાં ગોપીઓએ અહીંયાં નહીં રોકાવાનો ભાવ વાંચ્યો. એટલે તેમને બીક લાગી. ગોપીઓને એ બાબતની ફિકર થઈ કે, આપણે જો આપણા મનનું ધાર્યું કરીશું તો ભગવાન રાજી થશે નહીં.

આપણે તો ભક્ત છીએ અને આપણે અક્ષર થવાની વાત કરીએ છીએ, તો આપણે પુરુષોત્તમના દાસ છીએ. તો કોનું ધાર્યું કરવાનું? જેનું ધાર્યું થાય જ છે, થતું આવ્યું છે અને હવે પછી પણ થવાનું છે; તો વર્તમાનકાળે એમના ધાર્યામાં રહેવું એ મારી ભક્તિ છે. આ ભક્તનું લક્ષણ છે. ભગવાનની મરજીમાં પોતાની મરજીને જોડી દેવી એટલે કે મન અર્પણ કરી દેવું. મનમુખી મટીને ગુરુમુખી થવું.

ગુરુના મુખેથી જે વચન કહેવાયું છે અને ગુરુની જે રુચિ છે, જે અભિપ્રાય છે, અને જે સનાતન સિદ્ધાંત છે તે પ્રમાણે જીવવું, મારી જીદ મૂકી દેવી. અને જો જીતવું હોય તો એમની રુચિમાં ભળી જવું. આ યુદ્ધ જીતવાની વાત છે. અને કોઈ યુદ્ધ જીદ કરવાથી જીતી શકાતું નથી. એમની રુચિમાં ભળી જવાથી એ યુદ્ધ જીતી શકાય છે, દશેય ઈન્દ્રિયોના દુશ્મનને જીતી શકાય છે. અને આખરે યુદ્ધ તો આપણે આપણી જાત સાથે જ કરવાનું છે.

એટલે ગોપીઓએ ભગવાનની મરજી નહીં રોકાવાની જોઈને બીક લાગી કે, ભગવાન કુરાજી થઈ જશે. ભગવાન કુરાજી થતા નથી પણ ભગવાનની પ્રસન્નતા આપણા ઉપર નહીં વરસે. ભગવાનની માળાના મણકામાં આપણું સ્થાન નહીં આવે. આપણે પ્રભુને સંભારીએ છીએ એમ પ્રભુ સામેથી આપણને નહીં સંભારે. કાંઈ બોલ્યા-ચાલ્યા વગર ગોપીઓએ માર્ગ આપી દીધો અને ભગવાનનો રથ મથુરા તરફ હંકારાઈ ગયો. આ 'કરિષ્યે વચનમ્ તવ'. ગોપીઓ પાસેથી પ્રેમલક્ષણા ભક્તિનું-ભક્તિયોગનું શિક્ષણ આપણે લેવાનું છે.

એમની શું આજ્ઞા છે? એમની શી રુચિ છે? એમનો શો અભિપ્રાય છે? એ મન વગરના પુરુષ છે, પણ એમણે મન ધારણ કર્યું છે આપણા માટે, એટલે એમની શી ઈચ્છા છે? એ ઠરાવરહિત છે, પણ એમણે ઠરાવ કર્યો છે કે, આપણને બધાને બ્રહ્મરૂપ કરવા છે. અને બ્રહ્મરૂપ કરવા માટેનું સાધન પણ કુટુંબ-પરિવારમાં જ આપી દીધું છે, ગામમાં ને સત્સંગ મંડળમાં જ આપી દીધું છે. એકબીજાને બ્રહ્મરૂપ કર્યે રાખવાના અને બ્રહ્મરૂપ થતા રહેવાનું.

**જેને કારણે લોકોને ઉદ્વેગ નથી થતો, અને જે કોઈ પણ પ્રાણીથી ઉદ્વેગ પામતો નથી. અને જે હર્ષ, અદેખાઈ, ભય અને ઉદ્વેગથી મુક્ત છે એ જ મારો ગોપી ભક્ત છે.**

આપણી આસપાસનાં પ્રાણીઓ આપણને કેટલો ઉદ્વેગ કરાવી જાય છે? એ આપણો જાતઅનુભવ છે. જેને કારણે-જે વ્યક્તિને કારણે એની આસપાસના અન્ય વ્યક્તિઓને ઉદ્વેગ થતો નથી, અને જે કોઈ પણ પ્રાણીથી ઉદ્વેગને પામતો નથી.

**જે ઈચ્છાએ રહિત છે, અંદર અને બહારથી પવિત્ર છે, ચતુર છે, પક્ષપાત અને ચિંતાથી મુક્ત છે, તથા બધા વિષયી આરંભનો ત્યાગ કરનારો છે, એ મારો ગોપીભક્ત મને પ્રિય છે. જે નથી કદી ફુલાતો કે નથી કદી દ્વેષ કરતો; નથી શોક કરતો કે વિષયની ઈચ્છા કરતો; જેણે શુભ-અશુભ કર્મોમાં રાગ-દ્વેષનો ત્યાગ કર્યો છે, એ મારો ગોપીભક્ત મને પ્રિય છે. જે મિત્ર કે શત્રુ પ્રત્યે સમાન અને માન કે અપમાન વિશે સમાન છે, જે ઠંડી-ગરમી કે સુખ દુઃખમાં સમભાવી છે અને જે આસક્તિ રહિત છે, નિંદા અને સ્તુતિમાં સમાન રહે છે, મનનશીલ છે, જે કાંઈ મળે તેમાં સંતોષી છે, જે ઘરબારમાં મમતારહિત છે, અને જેની બુદ્ધિ સ્થિર છે, આવો ગોપીભક્ત મને પ્રિય છે. જેઓ મારામાં શ્રદ્ધા રાખવાવાળા છે અને મારે પરાયણ ગોપીભક્તો, અને વળી આ ધર્મમય અમૃતનું સારી રીતે સેવન કરે છે, તેઓ મને અત્યંત ગોપનીય છે.**

અહીં 'ભક્તિયોગ' નામનો બારમો અધ્યાય પૂરો થાય છે.

આવા ભક્ત થવાની અને આવી ભક્તિ કરવાની આપણા અંગમાં રહીને-સમજણના અંગમાં રહીને, પ્રીતિના અંગમાં રહીને, દાસત્વ-સેવકભાવના અંગમાં રહીને ભગવાન સાથે સમગ્રતાથી, સમત્વથી જોડાઈને, ભગવાનના પ્રિય ભક્ત બનવાની આપણને સૌનેય બુદ્ધિ આપે, શક્તિ આપે, ભક્તિ આપે તેવી મંગલ પ્રાર્થના સાથે આ કથાનો અહીંયાં વિરામ કરીએ છીએ.

સહજાનંદ સ્વામી મહારાજની જય!

(ક્રમશઃ) ◆